વડોદરામાં ‘વન ડે વન ક્લીન રોડ’ યોજના હાસ્યાસ્પદ સાબિત થઈ રહી છે

‘રોજ એક નવી લાઈન લીકેજ’ મિશન!

સોમાતલાવમાં પાણીની લાઈનમાં ભંગાણ, તંત્ર ઊંઘતું રહ્યું ને પાણી વહેતું રહ્યું!

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલ શહેરમાં ‘વન ડે વન મિશન વન ક્લીન રોડ’ અંતર્ગત રસ્તાઓ સાફ કરવાની ઝુંબેશ જોરશોરથી ચલાવવામાં આવી રહી છે. પરંતુ, વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. જાણે શહેરમાં પાલિકા દ્વારા અજાણતા જ ‘વન ડે વન લાઈન લીકેજ’ મિશન પણ ચાલી રહ્યું હોય તેમ રોજ અલગ-અલગ વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જાઈ રહ્યા છે. તાજો કિસ્સો સોમાતલાવ વિસ્તારની શિલ્પગ્રામ સોસાયટીમાં જોવા મળ્યો છે, જ્યાં છેલ્લા ત્રણ દિવસથી પીવાના પાણીની લાઈન લીકેજ હોવા છતાં તંત્ર કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું છે. સોમાતલાવ વિસ્તારમાં આવેલી શિલ્પગ્રામ સોસાયટી અને તેની આસપાસના રહીશો છેલ્લા ત્રણ દિવસથી વહેલી સવારથી જ હાલાકીનો સામનો કરી રહ્યા છે. વહેલી સવારે જ્યારે કોર્પોરેશન દ્વારા પાણી પુરવઠો છોડવામાં આવે છે, ત્યારે લાઈનમાં સર્જાયેલા ભંગાણને કારણે અંદાજે અડધા કિલોમીટર સુધીના રસ્તા પર પાણીની રેલમછેલ જોવા મળે છે. આ પાણી લોકોના ઘરના આંગણા સુધી પહોંચી જતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ ભર ઉનાળે વડોદરાના અનેક વિસ્તારોમાં પાણીની તંગી અને ઓછા પ્રેશરની બૂમરાણ મચી છે, ત્યારે બીજી તરફ શિલ્પગ્રામ સોસાયટીમાં હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી ગટરમાં વહી રહ્યું છે. પાલિકાની આ ઘોર બેદરકારીને કારણે સ્થાનિકોને સવારના સમયે કામકાજ અર્થે બહાર નીકળવામાં પણ મુશ્કેલી પડી રહી છે. રસ્તાઓ પર ભરાયેલા પાણીને કારણે વાહનચાલકો સ્લિપ થવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. સ્થાનિક રહીશો જણાવ્યું હતું કે “એક તરફ સફાઈના નામે ફોટા પડાવતું તંત્ર બીજી તરફ પાણીના વેડફાટ સામે આંખ આડા કાન કરી રહ્યું છે. 3 દિવસથી અમે રજૂઆત કરીએ છીએ પણ કોઈ સાંભળતું નથી.” સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે સોમાતલાવનો આ નજારો પાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઉભા કરે છે. મરામતના અભાવે રસ્તાઓ પર ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. જો આગામી 24 કલાકમાં આ લીકેજનું સમારકામ કરવામાં નહીં આવે, તો સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

‘સહાનુભૂતિ’ મેળવવાનો કાઉન્સિલરનો પબ્લિસિટી સ્ટંટ

પૂર્વ કાઉન્સિલર કલ્પેશ પટેલના ઘરે અજાણ્યા શખ્સો ઘૂસ્યા કે ‘ઘુસાડાયા’?

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 શહેરના વોર્ડ નંબર 18 ના પૂર્વ કાઉન્સિલર કલ્પેશ પટેલ (જય રણછોડ) ના નિવાસ્થાને અજાણ્યા શખ્સો ઘૂસી આવવાની ઘટનાને લઈને હાલ રાજકીય ગલિયારાઓમાં અને સ્થાનિકોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. જ્યારે એક તરફ પોલીસ આ ઘટનાને ‘ભૂલ’ ગણાવી રહી છે, ત્યારે બીજી તરફ લોકમુખે એવી ચર્ચા છે કે આ સમગ્ર મામલો કદાચ લોકોમાં ‘સહાનુભૂતિ’ મેળવવા માટેનો એક સોશિયલ મીડિયા સ્ટંટ હોઈ શકે છે. પૂર્વ કાઉન્સિલર કલ્પેશ પટેલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતું કે, જ્યારે તેઓ ઘરની બહાર હતા ત્યારે કેટલાક અજાણ્યા શખ્સો તેમના ઘરે પહોંચ્યા હતા. ઘરમાં હાજર પત્ની અને માતા ગભરાઈ જતાં તેમણે 112 પર પોલીસને જાણ કરી હતી. કલ્પેશભાઈના જણાવ્યા અનુસાર, પોલીસે રાત્રે 2:00 વાગ્યા સુધી સીસીટીવી ફૂટેજની તપાસ કરી હતી. તપાસના અંતે માલુમ પડ્યું હતું કે, આ શખ્સો વેપારી હતા અને પ્લોટ નંબર 1 ને બદલે ભૂલથી પ્લોટ નંબર 25 કલ્પેશભાઈના ઘરે પહોંચી ગયા હતા. આ ઘટના બાદ સોશિયલ મીડિયા અને સ્થાનિક લોકોમાં ભારે ગણગણાટ જોવા મળી રહ્યો છે. લોકોમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે, પૂર્વ કાઉન્સિલર દ્વારા આ પ્રકારની ઘટનાને જે રીતે રજૂ કરવામાં આવી છે, તે પાછળ આગામી સમયમાં લોકોનું ધ્યાન ખેંચવા અને સહાનુભૂતિ મેળવવાનો ઈરાદો હોઈ શકે છે. વિરોધ પક્ષો અને સામાન્ય જનતામાં એવી ચર્ચાઓ છે કે શું આ ખરેખર સુરક્ષાનો પ્રશ્ન હતો કે પછી લોકોમાં પોતાનું મહત્વ વધારવા માટેનો એક ‘સ્ટંટ’ હતો. જોકે, કલ્પેશ પટેલે પોલીસની કામગીરીની પ્રશંસા કરી છે. પોલીસે પણ આ મામલે સ્પષ્ટતા કરી છે કે આ માત્ર એક ભૌગોલિક ગેરસમજ હતી અને જે વ્યક્તિઓ આવ્યા હતા તેઓ ગુનાહિત માનસ ધરાવતા નહોતા. કલ્પેશભાઈએ પણ સ્વીકાર્યું છે કે વેપારીઓની વાત સાચી જણાય છે. હાલમાં તો આ મામલો થાળે પડ્યો હોય તેમ લાગે છે, પરંતુ પૂર્વ કાઉન્સિલરના આક્ષેપો અને તેની પાછળની સત્યતા અંગે શહેરીજનોમાં અનેક પ્રશ્નો ઊભા થયા છે.

યુવા મોરચા દ્વારા ભવ્ય પ્રભાતફેરી યોજાઈ

‘શહીદો અમર રહો’ ના નાદ સાથે દેશભક્તિનો કેસરીયો માહોલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 23 માર્ચ “સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ, દેખના હૈ ઝોર કિતના બાઝુ-એ-કાતિલ મેં હૈ...” આ પંક્તિઓ આજે વડોદરાના રાજમાર્ગો પર જીવંત થતી જોવા મળી હતી. 23 માર્ચ 1931 ના રોજ હસતા મુખે ફાંસીના માંચડે ચડીને અંગ્રેજ શાસકોના દાંત ખાટા કરનાર શહીદ શિરોમણી ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના બલિદાન દિવસ એટલે કે ‘શહીદ દિન’ નિમિત્તે વડોદરા શહેર ભાજપ યુવા મોરચા દ્વારા એક ભવ્ય અને પ્રેરણાદાયી પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 7:30 કલાકે જ્યારે સૂર્યના પ્રથમ કિરણો ધરતી પર પડ્યા, ત્યારે ન્યાયમંદિર ફુવારા પાસે કેસરીયા સાફા અને તિરંગા સાથે હજારો યુવાનોનો જમાવડો જોવા મળ્યો હતો. શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોની અને યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ તથા સાંસદ ડૉ. હેમાંગ જોષીના માર્ગદર્શન હેઠળ તેમજ શહેર યુવા મોરચાના પ્રમુખ મૌલિક દેસાઈના નેતૃત્વમાં આ પ્રભાતફેરી પ્રસ્થાન થઈ હતી. ડીજેના તાલે ગુંજતા દેશભક્તિના ગીતો અને ‘ભારત માતાકી જય’ તેમજ ‘શહીદો અમર રહો’ના નારાઓએ સમગ્ર વાતાવરણને રાષ્ટ્રભક્તિના રંગે રંગી દીધું હતું. આ પ્રભાતફેરીનું મુખ્ય આકર્ષણ ભારતમાતા અને ક્રાંતિકારીઓની જીવંત વેશભૂષા હતી. એક યુવતી ભારતમાતાના તેજસ્વી સ્વરૂપમાં અને ત્રણ યુવાનો ભગતસિંહ, રાજગુરુ તથા સુખદેવની વેશભૂષામાં સજ્જ થઈ ખુલ્લી જીપમાં સવાર થયા હતા. આ દ્રશ્ય જોઈને માર્ગ પરથી પસાર થતા નાગરિકોની આંખોમાં પણ હર્ષ અને ગર્વના આંસુ જોવા મળ્યા હતા. જાણે ઈતિહાસના પાનાઓ ફરીથી જીવંત થયા હોય તેવો અહેસાસ નગરજનોને થયો હતો. પ્રભાતફેરી ન્યાયમંદિરથી શરૂ થઈ લહેરીપુરા ન્યૂ રોડ, બરાનપુરા, ચોખંડી, માંડવી, બેંક રોડ, ચાંપાનેર દરવાજા, બાજવાડા મેઈન રોડ થઈને પસાર થઈ હતી.

માવઠાના બીજા રાઉન્ડની આગાહી,ગરમીનો પારો વધીને 36 ડીગ્રી પર પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 વડોદરામાં ગરમીના તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 36 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 22 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રાણ 50 ટકા અને સાંજે 29 ટકા નોંધાયું હતું. રાજ્યમાં છેલ્લા થોડા સમયથી હવામાનમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે અને હવે ફરી એકવાર કમોસમી વરસાદની શક્યતાએ ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. નિષ્ણાંતોના અંદાજ મુજબ, 28, 29 અને 30 માર્ચ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. ઉલ્લેખનીય છે કે, માવઠું પૂરું થતાની સાથે જ ગરમીના પ્રમાણમાં વધારો થયો છે અને હજુ આગામી ત્રણ ચાર દિવસમાં જ મહત્તમ તાપમાન 3 થી 4 ડિગ્રી વધશે તેવી ચેતવણી હવામાન ખાતા તરફથી આપવામાં આવી છે. અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 35 થી 36.5 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

અકસ્માત સર્જી કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થયો

મકરપુરામાં ચાલકે કાબુ ગુમાવતા કાર વીજ થાંભલા સાથે ભટકાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં એસટી ડેપો પાછળ આવેલી સરસ્વતી ટાઉનશીપ પાસે ગત મોડી રાત્રે એક બેફામ બનેલા કારના ચાલક જ સ્ટેયરીંગ પર કાબો ગુમાવતા ધડાકાભેર વીજ થાંભલા સાથે ભટકાયો હતો. જેમાં અકસ્માતને પગલે વીજ થાંભલો વળી ગયો હતો. જ્યારે કારને પણ આગળના ભાગે નુકસાન થયું હતું અકસ્માતો સર્જી કારચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. વડોદરા શહેરમાં રફતાર ના રાક્ષસો બેફામ બની રહ્યા છે. દરરોજ અકસ્માતોની ભરમાર જોવા મળી રહી છે, છતાં પણ હજીએ કેટલાક વાહન ચાલકો પોતાના વાહનો પૂરપાટ ઝડપે દોડાવી અકસ્માત સર્જી પોતે પોતાનો અને બીજાના પણ જીવ જોખમમાં મૂકી રહ્યા છે. ત્યારે, આવોજ એક રફતારનો કહેર મકરપુરા વિસ્તારમાં જોવા મળ્યો છે. જોકે સદનસીબે સર્જાયેલા અકસ્માતમાં કોઈ હાજર નહીં હોવાથી મોટી દુર્ઘટના થતા ટળી હતી. મળતી માહિતી અનુસાર શહેરના મકરપુરા એસટી ડેપો પાછળ આવેલી સરસ્વતી ટાઉનશીપ પાસે મોડી રાત્રી દરમિયાન એક કારના ચાલકે બેફામ ડ્રાઈવિંગ કરતા સ્ટેયરિંગ પર કાબુ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી જઈ વીજ થાંભલા સાથે અથડાઈ હતી. અકસ્માતમાં વીજ થાંભલો નમી ગયો હતો. જ્યારે કારના આગળના ભાગે પણ નુકસાન થયું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જ્યારે અકસ્માત સર્જી કારચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. મકરપુરા પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બરાનપુરાના યુવકના લાશને લઈ રહસ્ય ઘુંટાયુ

રૂપિયાની લેતીદેતીની અદાવતમાં યુવકને કેનાલમાં ફેકી દેવાયો !

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 હાલોલ નર્મદા કેનાલમાંથી બરાનપુરા વિસ્તારમાં રહેતા યુવકની લાશ મળી હતી. જુગારમાં જીતેલ રૂપિયાની અદાવતે આ યુવકને કેનાલમાં ફેકી દેવામાં આવ્યો હોવાનું સુત્રોમાંથી આવ્યું છે. જો પોલીસ દ્વારા હાલોલ ખાતે જુગાર રમવા માટે આવતા ખેલીઓની ઉંડાણપૂર્વક તપાસ કરાય તો મોટા ખુલાસો થાય તેમ છે. વડોદરા શહેર નજીક હાલોલ પાસેની કેનાલમાંથી બરાનપુરા વિસ્તારમાં રહેતા સંજુ ખાંડેકર નામના યુવકને મૃતદેહ મળી આવ્યો હતો. યુવક સાધન સંપન્ન હોય કોઈ પણ સંજોગામાં આપઘાત કરે તેવી સ્થિતિમાં ન હતો. ત્યારે સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ યુવકને પાલેજ ખાતે રહેતા એક શખ્સ પાસેથી જીતેલા જુગારના રૂપિયા લેવાના બાકી હતા. જે રૂપિયા તે શખ્સ આપતો ન હતો. જેના કારણે યુવક દ્વારા અણખી બાજુ જુગાર રમવા માટે જવાનું બંધ કર્યું હતું અને મિત્રો સાથે હાલાલ બાજુ કોઈ જગ્યા પર જુગાર રમવા માટે જતો હતો. ત્યારે આ સંજુ હતો ખેલી જેથી કરીને હાલાલો ખાતે પણ ચાલી રહેલા જુગારમાં મસમોટી રકમ જીત્યો હતો અને આ રકમની માગણી કરતા તેની બબાલ થઈ હતી. ઉપરાંત અન્ય યુવકને પણ જીતેલા રૂપિયા 30 લાખ હાલોલના શખ્સ દ્વારા આપવામાં આવતા ન હતી અને તેને માર મારવામાં આવ્યો હતો. ત્યારે સંજ ખાંડેકર પણ હાલોલ ખાતે પરત આવતી વેળા ફોન કર્યો હતો. ત્યારબાદ ફરી રૂપિયાની લેતીદેતીમાં તેનો ફરી હાલોલ ખાતે ઝઘડો થયો હતો. જેની અદાવત રાખીને સંજુ ખાંડેકરને કેનાલમાં મોતને ઘાટ ઉતારીને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હોવાની સુત્રોમાંથી માહિતી મળી રહી છે. ત્યારે પોલીસ દ્વારા ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો હત્યાનો ઘટસ્ફોટ થાય તેમ છે.

બેંક ખાતા ખોલાવી સટ્ટાબાજી ચલાવતા હતા

પ્રતિબંધિત ઓનલાઈન જુગાર રેકેટનો પર્દાફાશ, મહિલા સહિત 5 ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 પ્રતિબંધિત ઓનલાઈન ગેમ્બલિંગ અને સટ્ટાબાજી ચલાવતા મોટા રેકેટનો પર્દાફાશ વડોદરા તાલુકા પોલીસ દ્વારા કરવામાં આવ્યો હતો. જેના ભાયલી વિસ્તારમાંથી મહીલા સહિત પાંચ શખ્સોને ઝડપાઈ ગયા હતા. જ્યારે આ ગેંગનો મુખ્ય સૂત્રધાર હાલ દુબઈમાં રહેવા સાથે ત્યાંથી નેટવર્ક ચલાવતો હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિબંધિત ઓનલાઈન ગેમ્બલિંગ નું નેટવર્ક ચલાવી લોકોને જુગાર રમવા રમાડવામાં આવે છે.

પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ દ્વારા આવા ગેમલિંગના નેટવર્ક ને ઝડપી પાડવા માટે સૂચના આપવામાં આવી હતી તેના આધારે તાલુકા પોલીસ ની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે પોલીસને મળેલી ભાયલી ગામે સિદ્ધિ વિનાયક સોપાન ફ્લેટના મકાનમાં ઓનલાઈન પ્રતિબંધિત જુગાર રમાડવામાં આવે છે. જેના આધારે તાલુકા પોલીસ દ્વારા બાતમી મુજબના સ્થળ ભાયલી ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં સ્થળ ઉપરથી મહિલા સહિત પાંચ આરોપીઓ દર્શન જેઠવા (મૂળ છત્તીસગઢ) જોકિમ મેકવાન (છાણી, વડોદરા) શેખર કશ્યપ (મૂળ છત્તીસગઢ) ધ્રુતિ મેકવાન (વડોદરા) મોહમદ આરિફ પટેલ (અકોટા, વડોદરા) ઝડપાઈ ગયા હતા. દુબઈ ખાતે રહેતા અને નેટવર્ક ચલાવતા મુખ્ય આરોપી હર્ષિત ઉર્ફે બ્રહ્મા (દુબઈ સ્થિત, મૂળ છત્તીસગઢ)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

રૂ. 40.17 લાખ ખંખેરી લીધા : ઠગ જેલમાં ધકેલાયો

PM આવાસ યોજનામાં મકાનના બહાને ઠગાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે મકાન અપાવવાના બહાને 16 લોકો પાસેથી રૂ. 40.17 લાખની માતબર રકમ પડાવી લેવામાં આવી હતી. પરંતુ કોઈને મકાન અપાવવામાં આવ્યું ન હતું. ઠગાઈની ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી હરીશ ચૌહાણની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં સોંપવામાં આવ્યો છે.

વડોદરા શહેરના ગોરવા-સુભાનપુરા વિસ્તારમાં રહેતી મહિલા સહિત 16 જેટલા લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાનું કહીને એજન્ટ હરીશ ચૌહાણે તેમની પાસેથી નાણાંની માંગણી કરી હતી. લોકોએ મકાન મળશે તેવો વિશ્વાસ રાખીને એજન્ટને અલગ-અલગ રીતે કુલ રૂપિયા 40.17 લાખ આપ્યા હતા. આરોપી અન્ય કેટલાક લોકો સાથે મળી ડુપ્લિકેટ દસ્તાવેજો બનાવતો હતો અને તે દસ્તાવેજોના આધારે ઠગાઈ આચરતો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. તેણે ન તો મકાન અપાવ્યું હતું અને ન તો રૂપિયા પરત આપ્યા હતા. આ અંગે મહિલાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં હરીશ ચૌહાણ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે તપાસ દરમિયાન આરોપીની ધરપકડ કરી હતી અને વધુ પૂછપરછ માટે કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં ગોરવા પોલીસે આરોપીને ફરી કોર્ટમાં રજૂ કર્યો હતો. ત્યારે મેજિસ્ટ્રેટે ઠગાઈ કરનાર હરીશ ચૌહાણને જ્યુડિશિયલ કસ્ટડી માટે સેન્ટ્રલ જેલમાં સોંપવાનો આદેશ કર્યો હતો.

સુરસાગરના કિનારે રામનામનો રણકાર

હઠીલા હનુમાનજી મંદિરે 26 માર્ચથી 7 દિવસીય અખંડ રામધૂનનો મંગલ પ્રારંભ

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 વડોદરાની ઓળખ સમાન સુરસાગર તળાવના કિનારે બિરાજતા અને હજારો ભક્તોની આસ્થાના કેન્દ્ર એવા હઠીલા હનુમાનજી મંદિરે આગામી 26 માર્ચથી ભક્તિના અનોખા પર્વનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. હનુમાન જયંતીના પાવન અવસરને વધાવવા માટે પ્રતિવર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સાત દિવસીય અખંડ રામધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી સમગ્ર વડોદરા શહેર રામમય બની જશે. સુરસાગર તળાવની પાળે આવેલું આ મંદિર માત્ર ધાર્મિક જ નહીં પણ ઐતિહાસિક મહત્વ પણ ધરાવે છે. ગાયકવાડી શાસનકાળ દરમિયાન નિર્મિત આ મંદિર લગભગ 250 વર્ષ જૂનું છે. અહીં હનુમાનજીની મૂર્તિ સ્વયંભૂ પ્રગટ થયેલી હોવાનું મનાય છે. ભક્તોની અતૂટ શ્રદ્ધા છે કે અહીં હઠીલા હનુમાનજીના શરણે આવનાર દરેક ભક્તની મનોકામના પૂર્ણ થાય છે. હનુમાન જયંતી પૂર્વે આયોજિત આ સપ્તાહ દરમિયાન ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં 26 માર્ચ 2026, ગુરુવારના રોજ વહેલી સવારે 06:0પી કલાકે વાજતે-ગાજતે અખંડ રામધૂનની શરૂઆત થશે. સાત દિવસ સુધી અવિરત રામનામનો જપ ચાલશે. રામધૂનના સમાપન પૂર્વે, એટલે કે 2 એપ્રિલ 2026ના રોજ બપોરે 04:00 કલાકે ભગવાન સત્યનારાયણની ભવ્ય કથાનું આયોજન છે. કથા બાદ વિધિવત રીતે રામધૂનની પૂર્ણાહુતિ કરવામાં આવશે અને હનુમાનજીની મહાઆરતી સાથે પ્રસાદનું વિતરણ થશે. મંદિરના મહંત અને મહારાજ દીપેન વન ગોસ્વામીએ વડોદરાની ધર્મપ્રેમી જનતાને આ પવિત્ર કાર્યક્રમમાં જોડાવા માટે આહ્વાન કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વડોદરા એ સંસ્કાર અને ભક્તિની નગરી છે. હઠીલા હનુમાનજીના સાનિધ્યમાં થનારો આ રામનામનો જાપ શહેરના વાતાવરણમાં સકારાત્મકતા અને શાંતિ પ્રસરાવશે. વડોદરાના દરેક ખૂણેથી ભક્તો આવે અને આ પુણ્યશાળી કાર્યમાં સહભાગી બને તેવી અમારી મંગલ કામના છે.

3000 જેટલા શ્રમિકોની રોજીરોટી જોખમમાં, ગેસના અભાવે ઉત્પાદન ઠપ

સરદાર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના સાયન્ટિફિક ગ્લાસ ઉદ્યોગ પર ‘મરણતોલ’ ફટકો પડ્યો

ગેસ પુરવઠા માટે કલેક્ટરને રજૂઆત : ઉદ્યોગકારો ‘લઘુ ઉદ્યોગ ભારતી’ના નેજા હેઠળ મેદાને

(પ્રતિનિધિ), વડોદરા. તા.23 વડોદરાના ઔદ્યોગિક નકશામાં મહત્વનું સ્થાન ધરાવતા સરદાર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના સાયન્ટિફિક ગ્લાસ મેન્યુફેક્ચરિંગ એકમો હાલ અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. લાંબા સમયથી ગેસ પુરવઠાની અનિયમિતતા અને અછતને કારણે આ ઉદ્યોગ મૃતપ્રાય અવસ્થામાં આવી ગયો છે. આ ગંભીર કટોકટીનો ઉકેલ લાવવા માટે આજે ‘સાયન્ટિફિક ગ્લાસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન’ અને ‘લઘુ ઉદ્યોગ ભારતી’ ના પ્રતિનિધિ મંડળે જિલ્લા કલેક્ટરને મળીને ઉગ્ર રજૂઆત કરી હતી. આજવા રોડ ખાતે આવેલા સરદાર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આશરે 32 થી 33 જેટલા સ્પેશિયલ ગ્લાસ યુનિટો કાર્યરત છે. અહીં તૈયાર થતા સાયન્ટિફિક ગ્લાસ (SSGL) અને કાચના ઉપકરણોનો ઉપયોગ ફાર્માસ્યુટિકલ કંપનીઓ, મેડિકલ લેબોરેટરી અને સંશોધન કેન્દ્રોમાં મોટા પાયે થાય છે. ગેસ પુરવઠો ખોરવાતા આ એકમોમાં ઉત્પાદન સાંકળ તૂટી ગઈ છે. જો આ ઉદ્યોગ લાંબો સમય બંધ રહેશે, તો તેની સીધી અસર દવાઓના ઉત્પાદન પર પણ પડી શકે છે. માત્ર મશીનો જ નહીં, પરંતુ માનવ સંસાધન પર પણ આની માઠી અસર પડી રહી છે. એસોસિએશનના જણાવ્યા મુજબ, આ એકમોમાં પ્રત્યક્ષ રીતે 2500 થી 3000 શ્રમિકો કાર્યરત છે. ઉત્પાદન બંધ થવાને કારણે આ શ્રમિકો અને તેમના પરિવારોની આજીવિકા પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ઉદ્યોગકારોની હાલત એવી છે કે જો ટૂંક સમયમાં ગેસ ન મળે, તો એકમો કાયમી ધોરણે બંધ કરવા સિવાય કોઈ રસ્તો બચશે નહીં. ઉદ્યોગકારોની વેદના સાંભળ્યા બાદ જિલ્લા કલેક્ટર દ્વારા હકારાત્મક વલણ અપનાવવામાં આવ્યું છે.

ઉદ્યોગકારોએ જણાવ્યું હતું કે, કલેક્ટરએ અમને સંપૂર્ણ બાહેધરી આપી છે કે બે થી ત્રણ દિવસમાં ગેસ પુરવઠો પૂર્વવત કરવા માટે જરૂરી ઓર્ડર આપવામાં આવશે. અમને વહીવટી તંત્ર પર પૂર્ણ વિશ્વાસ છે કે તેઓ ઉદ્યોગો અને શ્રમિકોના હિતમાં ત્વરિત નિર્ણય લેશે. આમ, વડોદરાના ગ્લાસ ઉદ્યોગને નવજીવન મળે તે માટે હવે સૌની નજર આગામી 48 થી 72 કલાક પર ટકેલી છે.

ડીજેના ગોડાઉનમાં તસ્કરો ત્રાટક્યા, રૂ.1.39 લાખનો સાધનો ચોરી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા. 23 વડોદરા શહેરના અલવાનાકા વિસ્તારમાં મેલા માસ્તરનો કૂવો શ્રીજીનગર ખાતે રહેતા જયવંતસિંહ દેવપનસિંહ સોલંકી તેમના પાર્ટનર વસીમભાઈ યુસુફભાઈ પાંચી સાથે મળીને વીસી ઓડિયો નામે ડીજે બનાવવાનું કામ કરે છે. તેઓ ધનિયાવી રોડ પર ગણેશભાઈ જયસ્વાલના ગોડાઉનમાં છેલ્લા ત્રણ વર્ષથી વ્યવસાય બનાવે છે. 16 માર્ચની રાત્રે આશરે 9 વાગ્યે ગોડાઉન નિયમ મુજબ લોક કરીને માલિકો ઘરે ગયા હતા. તે દરમિયાન મોડી રાત્રિના સમયે તસ્કરોએ વેપારીના ગોડાઉનને નિશાન બનાવ્યું હતું અને તસ્કરો ગોડાઉનના પાછળના પતરાના દરવાજાને તોડી અંદર પ્રવેશ્યા હતા અને ત્યારબાદ ગોડાઉનમાં મુકેલા ડીજે સાધનો જેવા કે એમ્પ્લિફાયર, સાઉન્ડ લિમિટર, ખંજરી (સ્પીકર) તથા ઈલેક્ટ્રિક વાયર સહિત રૂ. 1.39 લાખ જેટલો મુદ્દામાલ ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા.

કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ વધુ સૌહાર્દ પૂર્ણ બનાવવા પ્રયાસ

એમએસયુમાં નોન ટીચિંગ સ્ટાફ માટે સર્વ પ્રથમ વખત વિશેષ તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23 એમ.એસ.યુનિવર્સિટીમાં સર્વપ્રથમ વખત નોન ટીચિંગ સ્ટાફ માટે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ વધુ સૌહાર્દ પૂર્ણ બને અને વહીવટી પ્રક્રિયામાં માનવીય અભિગમ કેળવવાનો છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં આયોજિત સત્ર વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં સુધારો કામગીરીમાં નૈતિકતા અને સ્ટાફ સ્ટુડન્ટ બોન્ડીંગને મજબૂત બનાવવાનો છે. કાર્યક્રમ વી.સી પ્રોફેસર બી.એમ.ભણગે અને રજીસ્ટ્રાર ડો. કે.એમ.ચુડાસમાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. નવ સત્રોમાં વહેંચાયેલ આ તાલીમ કાર્યક્રમમાં રજિસ્ટ્રાર અને વિવિધ ફેકલ્ટીના ડીન દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં માત્ર વહીવટી વાતો જ નહીં. પરંતુ, કર્મચારીની કાર્યક્ષમતા વધારવા માટે ખાનગી ક્ષેત્રના નિષ્ણાંત અતુલ ટેલર દ્વારા મોટીવેશનલ લેક્ચર આપવામાં આવ્યું હતું.

જેમાં ઓફિસમાં કામ કરવાની પદ્ધતિ અને જવાબદારી પ્રત્યે સભાનતા કઈ રીતે રાખવી વિદ્યાર્થીઓ જ્યારે પોતાની સમસ્યા લઈને આવે ત્યારે તેમની સાથે સંયમ અને સહાનુભૂતિ રૂપે કેવી રીતે ભરવો કામના ભારણ વચ્ચે પણ કેવી રીતે સકારાત્મક રહીને શ્રેષ્ઠ પરિણામ આપવું. યુનિવર્સિટીના વહીવટમાં વહીવટી સ્ટાફ કરોડરજ્જુ સમાન છે. જ્યારે સ્ટાફ અને વિદ્યાર્થીઓ વચ્ચેનું બોન્ડિંગ સુધરશે ત્યારે, યુનિવર્સિટીના શૈક્ષણિક વાતાવરણમાં મોટો સકારાત્મક ફેરફાર જોવા મળશે.